ગાંધીનગર સમાચાર
તા. ૮-૧૧-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

સુરક્ષાનું રાજકારણ

દેશના વિભાજન પછી સરજાયેલી તંગદિલી વખતે જ્યારે મહાત્મા ગાંધીને સુરક્ષા આપવી જરૂરી છે એવું લાગ્યું ત્યારે તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ અને નાયબ વડાપ્રધાન તથા ગૃહપ્રધાન સરદાર પટેલે એમને પોલીસ રક્ષણ ઉપલબ્ધ કરાવવા અંગે રજૂઆત કરી હતી. મહાત્મા ગાંધીએ પોલીસ રક્ષણનો ઘરાર અસ્વીકાર કરતાં કહ્યું હતું કે એ રીતે પોલીસના રક્ષણ હેઠળ રહી જીવવા કરતાં હું મરવું પસંદ કરીશ. ઇશ્વરને મારી અહીં જરૂર લાગશે ત્યાં સુધી ખુદ યમરાજા પણ મારો વાળ વાંકો કરી શકશે નહીં. મારી એને જરૂર નહીં લાગે ત્યારે એ કોઇ પણ ઉપાયે મને ઉપાડી લેશે. મહાત્મા ગાંધીની આ અવિચળ ઇશ્વર શ્રદ્ધા આપણા આજના નેતાઓમાં ન જ હોય તે સમજી શકાય એમ છે. ઇંદિરા ગાંધી વડાપ્રધાનપદે ચાલુ હતાં ત્યારે એમનાં પોતાના જ સુરક્ષા ગાર્ડોએ એમના નિવાસસ્થાન બહાર એમના પર ગોળીઓનો વરસાદ વરસાવી એમનો જીવ લીધો હતો. એ જ રીતે રાજીવ ગાંધીની પણ પેરૂમ્બુદુરની પ્રચારસભામાં આયોજનપૂર્વક તમિલ ટાઇગરોએ હત્યા કરી હતી. આતંકવાદીઓ ક્યારે, ક્યાં એ કયા સ્વરૂપે ત્રાટકશે તે કલ્પવું મુશ્કેલ બની ગયું છે. પરંતુ અદ્યતન ટેકનોલોજી દ્વારા ગુપ્તચર એજન્સીઓને આતંકવાદીઓના આવા બદઇરાદાનું આગોતરૂં પગેરૂં મળી રહેતાં આપણા નેતાઓ છેલ્લા ઘણાં વર્ષોથી એમના 'હિટ લિસ્ટ'માં હોવા છતાં સલામત છે, તેનું આપણે ગૌરવ લઇ શકીએ. અમેરિકાના રાષ્ટ્રપતિ જેટલા જ આપણા વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ પણ સુરક્ષિત છે. છેલ્લા વર્ષો દરમિયાન ભારત સામે સરહદ પારના ઇસ્લામિક આતંકવાદે દેશનો ભરડો લીધો છે એણ નક્સલવાદ પણ ફાલ્યો ફૂલ્યો છે. સ્વતંત્ર ખાલિસ્તાન ચળવળ ઠંડી જરૂર પડી ગઇ છે છતાં ખાલિસ્તાની આતંકવાદ સમૂળગો નેસ્તનાબૂદ નથી થઇ ગયો, એનું પ્રમાણ તાજેતરમાં પાકિસ્તાનના ખૂંખાર આતંકવાદી હાફિઝ સઇદની હાજરીમાં પાકિસ્તાનમાં આશ્રય લઇ રહેલ ખાલિસ્તાન ચળવળિયાઓને સક્રિય કરી ભારતમાં રહેતા સ્થાનિક ઇન્ડિયન મુજાહિદીન જેવા પરિબળોને જરૂરી મોતનો સામાન પૂરો પાડી નરેન્દ્ર મોદી જેવા મહત્ત્વના રાષ્ટ્રીય નેતાઓને નિશાન બનાવવા અંગેનું કાવતરૂં પકડાઇ જતાં મળી આવ્યું છે. પાકિસ્તાન આર્મી અને પાકિસ્તાનની વગોવાયેલી ગુપ્તચર એજન્સી - આઇએસઆઇ આ બધાનું સંકલન કરી નરેન્દ્ર મોદી જેવા 'હિન્દુત્વના હીરો' ની હત્યાનો કાર્યક્રમ ઘડી રહી છે. દેખીતું છે કે હિન્દુસ્તાનમાં કોમી એખલાસ જોખમાવી હિંદુ-મુસલમાનોમાં રમખાણો કરાવવામાં આઇએસઆઇને રસ છે. આ પ્રકારનું મોક્સીવોર ચાલુ રાખી પાકિસ્તાન આર્મી ભારત સાથનાં જૂના વેરની વસૂલાત કરવા માગે છે. બાંગ્લાદેશની આઝાદીમાં ભારત જ કારણભૂત હતું, એ ડંખ હજી પાક આર્મી ભૂલી શકતું નથી. કાશ્મીરની સરહદે સળગતી રાખવા ઉપરાંત એ ભારતની અંદર નક્સલવાદી ગતિવિધિઓને પણ પ્રોત્સાહિત કરતું રહે છે.

નરેન્દ્ર મોદીની પટણા ખાતેની 'હું કાર' રેલીમાં સુરક્ષા વ્યવસ્થા નબળી લાગતાં ભારતીય જનતા પાર્ટીએ એમને વડાપ્રધાનને મળતું સુરક્ષા કવચ આપવા માટેની માગણી કરેલ છે. 'હું કાર' રેલી પૂર્વે કેન્દ્રની ગુપ્તચર એજન્સી દ્વારા રાજ્ય સરકારને એલર્ટ કરવામાં આવી હોવા છતાં ચાલુ રેલીએ આઠ જેટલાં વિસ્ફોટ થયા હતા અને એમાં જાનહાનિ પણ થઇ હતી. જો કે 'માનવ બોમ્બ'ની યોજના નિષ્ફળ ગઇ હતી એટલે મોદી નસીબદાર. કદાચ આતંકવાદીઓ પાસે અદ્યતન સુરક્ષાકવચમાં રહેતા રાષ્ટ્રીય નેતાઓ સુધી પહોંચવા જેટલી ટેકનોલોજી પણ નથી, તે પટણા વિસ્ફોટથી પ્રમાણિત થયું છે. પરંતુ ભારતીય જનતા પાર્ટી માટે તો આ વિસ્ફોટો આશીર્વાદરૂપ જ નીવડ્યા છે. એકી સાથે એમને કેન્દ્ર અને બિહારની રાજ્ય સરકાર સામે આક્ષેપોનો મારો કરવાની તેમજ પ્રજાકીય સહાનુભૂતિ અંકે કરવાની તક મળી ગઇ છે. આવી ઘટનાનું મનઘડંત રાજકીય અર્થઘટન કરવામાં મોદીની મુકાબલો થઇ શકે ખરો ? એમને તો ત્યાં સુધી કહી દીધું કે કેટલાક 'મિત્રો' એ મારી સોપારી લીધી છે ! મોદીનું કદ આવા વિસ્ફોટોથી વધતું જ જવાનું એ વાત કેન્દ્ર પણ સમજે છે, તેથી એમને પહેલાંથી જ બમણી એનએસજી સુરક્ષા પૂરી પડાઇ હતી અને બોડીગાર્ડોની સંખ્યા બમણી કરી દેવાઇ હતી. પરંતુ ભાજપને એના ભાવિ વડાપ્રધાનને મળનારી એસપીજી સુરક્ષાથી ઓછું કશું જ નથી ખપતું. કેન્દ્રના ગૃહખાતા માટે મોદીને વડાપ્રધાન જેવી સુરક્ષા અપાવવાનો મુદ્દો શિરોવેદના સમાન બની રહેલ છે.

એનએસએસ વેસ્ટઝોન પ્રી.આર.ડી. કેમ્પનો દબદબાભેર પ્રારંભ

ગાંધીનગર, તા. ૭

નેશનલ સર્વિસ સ્કીમ રીજીયોનલ સેન્ટર, અમદાવાદ અને દીવ, દમણ અને દાદરાનગર હવેલીના જુદા જુદા પ્રદેશમાંથી સીલેક્ટેડ ૨૩૦ સ્વયંસેવકો (એનએસએસ)ના ભાગ

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે એનએસએસ વેસ્ટઝોન પ્રી. આર.ડી. કેમ્પનો શુભારંભ થયો. તેના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રીઆરડી કેમ્પમાં આવેલા તમામ રાજ્યોના સ્વયંસેવકોએ પોતાના રાજ્યની વેશભૂષામાં અધ્યક્ષસ્થાને આવેલા મુખ્ય મહેમાનશ્રી રાજ્ય શિક્ષણ, મહિલા બાળ કલ્યાણ મંત્રીશ્રી, પ્રો. શ્રીમતી વસુબેન ત્રિવેદી, યુનિ.ના કુલપતિ શ્રી ડી.ટી. કાપડીયા, એસએઆઇના ડાયરેક્ટરશ્રી એમ. શ્યામસુંદરનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

આ પ્રી.આર.ડી. કેમ્પમાં આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વ્યસ્ત રહેશે. એકેડેમીક સેશનમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો દરરોજ ઉપસ્થિત રહેશે. દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતની વિવિધ યુનિ.ના કુલપતિશ્રીઓ ઉપસ્થિત રહેવાના છે. ગાંધીનગરમાં નેશનલકક્ષાનો એનએસએસનો

આ પ્રથમ પ્રી આરડી કેમ્પ છે.

એનએસએસ રીજીયોનલ સેન્ટરના હેડ કમલકુમાર કરે સ્વાગત પ્રવચન કર્યુ હતું અને આ કેમ્પનો ઉદ્દેશ્ય અને તેની વિસ્તૃત જાણકારી આપી હતી. કુલપતિશ્રી ડી.ટી. કાપડીયાએ યુનિ.નો પરિચય અને એનએસએસના સ્વયંસેવક તરીકે દેસ માટે તમારા યોગદાન વિશે વિશેષ માહિતી આપી હતી. સમારંભના અધ્યક્ષ સ્થાને પધારેલા મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદી ગુજરાતમાં આવો નેશનલ કક્ષાનો કેમ્પ રાખવા બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોના મહત્વપૂર્ણ યોગદાન વિશે સચોટ અને માર્ગદર્શનીય પ્રવચન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમના ઈન્ચાર્જ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રોગ્રામ કો ઓર્ડિનેટર શ્રી ડૉ. રણછોડ રથવીએ સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કરી હતી.

કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા નૂતન વર્ષારંભે સંકલ્પ કરીએ : હીના પટેલ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાને આગામી એક વર્ષમાં કુપોષણ મુક્ત જિલ્લાની ઓળખ આપવાનો સંકલ્પ કરી નવા વર્ષના શુભારંભે આપણે આગળ વધીએ તેવી હાંકલ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે અધિકારીઓ અને કર્મચારીઓના યોજાયેલા સ્નેહમિલન સમારોહમાં કરી હતી.

શ્રીમતિ હીના પટેલે પોતાના ટુંકા છતાં ચોટદાર પ્રવચનમાં જણાવ્યું હતું કે સત્તા સેવાનું સાધન છે અને છેવાડાના માનવી સુધી તેને કલ્યાણ યોજનાનો લાભ પહોંચાડી મળેલી સત્તાનો સદુપયોગ કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ.

સમય સતત વહેતો રહે છે અને પડકારો ઘણા મોટા છે ત્યારે લક્ષ્યાંક આધારિત વહીવટીપ્રથાએ શ્રેષ્ઠ વિકલ્પ છે એટલે આપણે જિલ્લાને પ્રથમ કૂપોષણ મુક્ત બનાવીએ અને રાજ્યમાં આગવી ઓળખ સ્તાપીએ. તેમણે કહ્યું કે કુપોષણને ડામવા પ્રાથમિક શિક્ષણમાં મધ્યાહન ભોજન યોજનાનો અમલ પણ ગાંધીનગરથી જ થયો હતો છતાં આપણે આ દૂષણ હજુ મિટાવી શક્યા નથી એ બતાવે છે કે પડકાર કેટલો ગંભીર છે.

શ્રીમતિ પટેલે જણાવ્યુ હતુ કે સમય અને પડકારોની સાથે આપણે પ્રજાભિમુખ વહીવટ પણ આપવાનો છે. વિકાસની ગતિને હજુ વેગીલી બનાવવાની છે. આપણે આપણને મળેલા સમયનો સદુપયોગ કરી લોકાભિમુખ બની લોકોની પડખે ઉભા રહીએ તોજ પંચાયતના પ્રણેતા સ્વ. બળવંતરાય મહેતાને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

આ સ્નેહમિલન સમારોહમાં બોલતાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાને જણાવ્યું હતું કે પંચાયતી રાજ વ્યવસ્થા વધુ પારદર્શી છે તેમણે કહ્યું કે લોકો સુધી શાસકોની વાત લઈ જવાના વાહક તરીકે અધિકારીઓ છે. આપણે સૌ તન-મનથી લોકોની સાચી સેવા કરીએ તે જ નૂતન વર્ષનો શ્રેષ્ઠ સંકલ્પ હોઈ શકે.

આ સમારોહમાં પંચાયતના વિવિધ પદાધિકારીઓ અને અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકબીજાને મોં મીઠુ કરાવી શુભેચ્છાઓની આપલે કરી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

ગરમ કપડા - દિવાળીના તહેવારો વિદાય લઈ રહ્યા છે... ધીમે ધીમે ઠંડીનું આગમન થઈ રહ્યું છે... દિવસે થોડી ગરમી વર્તાય છે... પરંતુ સાંજે ઠંડીનો ચમકારો વર્તાય છે... નગરજનો રાત્રે ફરવા નિકળે ત્યારે હવે ગરમ કપડાં પહેરીને નિકળે છે... બજારમાં ગરમ કપડા સ્વેટર-જાકીટ આવી ગયા છે... માર્ગોની બાજુમાં ગરમ કપડાંના વેપારીઓએ અડીંગો જમાવી દીધો છે... બસ હવે ઠંડી વધે તેમ ઘરાકી વધે તેની રાહ જોઈ રહ્યા છે...

જમિયતપુરામાં ૧૨મીએ મહિલાઓના પ્રશ્ને ગ્રામસભા

કેન્દ્રના અધિકારીઓ ગ્રામસભામાં હાજરી આપશે

ગાંધીનગર, તા. ૭

આગામી ૧૨મી નવેમ્બરના રોજ ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામે મહિલાઓના પ્રશ્નોને લઈ ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારના પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં મળનાર આ ગ્રામસભા બપોરે ૧૨ વાગે મળશે. જેમાં કેન્દ્ર પુરસ્કૃત મહિલા સશક્તિકરણની વિવિધ યોજનાઓ તેમજ મહિલાઓના આરોગ્યને લઈ અમલી બનાવાયેલી યોજનાઓ પર વિશેષ ચર્ચાઓ કરવામાં આવનાર છે.

કેન્દ્ર સરકારના પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં મળનારી આ ગ્રામસભાને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ ગ્રામસભામાં જિલ્લાના અને તાલુકાના અધિકારીઓ પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ લેકાવાડાના વાર્ષિકોત્સવ ૨૦૧૩ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૭

તાજેતરમાં લેકાવાડા ખાતે શિક્ષણ પીરસતી સંસ્થા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલનો વર્ષ ૨૦૧૩નો વાર્ષિકોત્સવની ઉજવણી ટાઉનહોલ ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. જેમાં કે.જી.થી ધો-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મંત્રમુગ્ધ કરી નાંખે તેવા કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં સ્કેટીંગ, કરાટે, રોપ-મલખમ, યોગ, પીરામીડ, નાટક જેવી કૃતિઓ રજુ કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવમાં શહેરના મેયર, ઉત્તરના ધારાસભ્ય શાળાના કર્મચારી, ટ્રસ્ટીગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

હરિની દૃષ્ટિ...

બહેન શાકભાજીના ભાવ વધી જ જાય ને તમે જે ભાવ કહો છો, તે ગયા વર્ષમાં હતો. આ વર્ષમાં વીસ ટકાનો વધારો આવ્યો છે.

જલારામની ૨૧૪મી જન્મજયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૭

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા તા.૯મી નવેમ્બરે પ.પૂ.શ્રી જલારામ બાપાની ૨૧૪મી જન્મ જયંતિ સેક્ટર-૨૯ જલારામધામમાં ભવ્ય ભક્તિમય વાતાવરણમાં ઉજવાશે. શોભાયાત્રા, પૂજનવિધિ, અખંડધૂન અને મહાઆરતી પદયાત્રીઓને શુભેચ્છા પ્રદાન જેવા કાર્યક્રમો દિવસ દરમિયાન યોજશે.

સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સેક્ટર-૬ ખાતે સંગીતમય સુંદરકાંડનું આયોજન ગોસ્વામી દિલીપભારતી ગુરૂજી અને બાલ કિર્તનકાર ગોસ્વામી હિરલની વ્યાસપીઠે આ કાર્યક્રમનું આયોજન તા. ૯ નવેમ્બર સાંજે ૬.૦૦ કલાકે પ્લોટ નં. ૬૨૦/૨, સેક્ટર-૬-બી, ગ-૨ કોર્નર પાસે રાખવામાં આવનાર છે.

શિવકથાના ચોથા દિવસે માતાજીનો પ્રાગટ્ય પ્રસંગ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના જામળા ખાતે શિવકથાનું આયોજન કરવામાં આવેલ છે. કથાના ચોથા દિવસે માતાજીના પ્રાગટ્યનો પ્રસંગ ભારતી બાપુની વ્યાસપીઠ દ્વારા તા. ૮ નવેમ્બરે બપોરે ૩.૦૦ કલાકે આસુતોષ મહાદેવ મંદિર ખાતે આયોજન કરવામાં આવેલ છે. સર્વ શિવભક્તોને પ્રસંગે ઉપસ્થિત રહીને દર્શનનો અચુક લાભ લેવો.

લોદરા ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં આવેલ લોદરા ગામ ખાતે તા. ૮ નવેમ્બરની રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠનું આયોજન હનુમાન મંદિર ખાતે સંજયભારતીની વ્યાસપીઠ દ્વારા આયોજન કરવામાં આવનાર છે. સુંદરકાંડના પાઠનો લાભ નવા વર્ષે લેવા અચુક આમંત્રણ આપેલ છે.

ડુંગરી ગરાસિયા સમાજનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા નૂતન વર્ષે સભ્યો એકબીજાને મળીને શુભેચ્છા પાઠવી શકે તે માટે આગામી ૧૦મી નવેમ્બર રવિવારે સેક્ટર-૧૧માં ન્યાયમંદિરની પાછળ આવેલ નગરપાલિકા પરિષદ ભવન ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. સમારંભમાં ભાગ લેવા સમાજના સર્વે સભાસદોને પરિવાર સહિત ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ નામદેવ વર્સાતે અનુરોધ કરેલ છે.

જલારામ એનિમલ હેલ્પલાઇન

ગાંધીનગર, તા. ૭

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા ચાલતી એનિમલ હેલ્પલાઇન સેવા જેમાં મુંગા અબોલા નિરાધાર રખડતાં પશુપક્ષીઓની સારવાર માટે હવેથી સમય સવારે ૮ થી ૧૨ સાંજે ૪ થી ૮.૩૦ કલાક સુધી રહેશે. જલારામ ધામનો હેલ્પલાઈન નંબર ૨૩૨૨૩૬૧૪ છે. એનિમલ તબીબનો મો. નં. ૯૯૦૪૫૬૭૦૮૫, ૯૮૨૫૨૮૨૭૮૭ છે. જેનો લાભ લેવા જણાવેલ છે.

ગાંધીનગર રેશનલ સમાજની મીટીંગ શનિવારે યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના રેશનલ સમાજની નિયમિત રીતે મળનારી માસિક બેઠક આગામી તારીખ ૯મી નવેમ્બર શનિવારે સેક્ટર-૨ ઉમાં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે રાખવામાં આવેલ છે. આ બેઠકમાં ગુજરાત નવ નિર્માણ આંદોલનના અગ્રણી આગેવાન અને પ્રખર રેશનાલીસ્ટ મનીષી જાની હાજરી આપનાર છે. તેઓ ગુજરાતમાં રેશનાલીસ્ટ ચળવળ અને તેના ભાવિ અંગે પોતાનાં વિચારો રજૂ કરશે. ગાંધીનગર રેશનલ સમાજના સર્વે સભ્ય મિત્રો અને જાહેર જનતાને પણ આ કાર્યક્રમમાં હાજર રહેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીની સુરક્ષા માટે હવે રૂટ પર ટોઈંગવાન પણ દોડશે

ઈન્દ્રોડાથી કોબા રોડ સુધીની ઝાડીઓમાં ચેકીંગ હાથ ધરાયું : ક્રોસ બાઈક પેટ્રોલીંગ કરાશે

ગાંધીનગર, તા.૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. મુખ્યમંત્રીના અવર જવરના રૂટ પર કોન્વોય નીકળે તે પહેલા હવેથી એક ટોઈંગવાન ફેરવવામાં આવશે. જ-માર્ગથી કોબા સર્કલ સુધી ટોઈંગવાન ફરશે અને બિનવારસી કે આડેધડ પાર્ક કરેલા વાહનો મુખ્યમંત્રી નીકળે તે પહેલા જ ટોં કરી લેવામાં આવશે. સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવીને ગાંધીનગર પોલીસે આજે ઈન્દ્રોડા સર્કલથી કોબા સુધીની ઝાડીઓમાં ચેકીંગ હાથ ધર્યું હતું.

ગાંધીનગર સ્થિત મુખ્યમંત્રી નિવાસથી મુખ્યમંત્રી કોન્વોય સાથે નીકળે તે પહેલા નિવાસ સ્થળેથી કોબા સર્કલ સુધીના આખા રૂટ પર ટોઈંગવાન ફેરવવામાં આશે. કોઈ પણ શંકાસ્પદ કે બિનવારસી વાહન રૂટ પર દેખાશે તો ટ્રાફીક પોલીસ દ્વારા તે વાહનને જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તે ઉપરાંત આ રૂટ પર આડેધડ પાર્ક થયેલા વાહન મળશે તો તે પણ ડીટેઈન કરી લેવામાં આવશે. તે ઉપરાંત આખા રૂટ પર ક્રોસ બાઈક પેટ્રોલીંગ પોલીસ દ્વારા કરવામાં આવશે મુખ્યમંત્રી ના અવર જવરના સમય સિવાયના સમયગાળામાં આ ટોઈંગ વાન પાટનગરમાં અલગ અલગ સ્થળો એ આડેધડ પાર્ક થતા વાહનોને ડીટેઈન કરવાનું કામ કરશે. ખાસ કરીને સે-૧૧, ૧૬ના શોપીંગ વિસ્તાર તથા સે-૨૧, ૨૪ અને ૭ના માર્કેટમાં આ ટોઈંગ વાન ફરશે અને ટ્રાફીક સમસ્યા હળવી કરાશે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ વાઈરલ ફિવરમાં સપડાયા છે.
- શનિ-રવિની રજાને કારણે કર્મચારીઓ હજુ પણ રજાના મૂડમાં છે.
- સચિવાલય સેક્શન-ઓફિસર્સ એશો.ના પાંચ હોદ્દેદારોની આજે ચૂંટણી યોજાશે.
- ભાજપ મહાનગર દ્વારા શનિવારે સાંજે ગાંધીનગર ટાઉનહોલમાં સ્નેહમિલન સમારોહ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કાર્યકર્તાઓ માટે કરાયું છે.
- ડીડી ગિરનાર પર ન્યુટ્રીશીયન અંગે યોજાયેલ ચર્ચામાં ગાંધીનગરના ડૉ. સતીષ મકવાણા તથા ડૉ. એચ. કે. રાઠોડે રસપ્રદ વિગતો રજૂ કરી હતી.

વલાદ પાસે ગોડાઉનમાં પડેલા ટ્રકમાંથી પ્લાસ્ટીકના દાણા ભરેલા ૬૦ બોરીની ચોરી

૧.૫૬ લાખના પ્લાસ્ટીકના દાણા ચોરવા ટ્રકની તાડપત્રી ફાડી બોરીઓ ઉઠાવી હતી : ડ્રાઈવર-ક્લીનર સહિત મજૂરો પર શંકા

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ધીમે પગલે શિયાળાનું આગમન થઈ રહ્યું છે. મોડી રાત્રે ઠંડીના ચમકારાનો અહેસાસ થઈ રહ્યો છે. સૌ દિપાવલી પર્વની ઉજવણી માણી રહ્યા છે. ત્યારે પોલીસની સતર્કતાથી ચોરી-લૂંટફાટ કંઈક અંશે ઘટાડો થઈ રહ્યો છે. ત્યારે તસ્કરો મકાનોને નિશાન બનાવવાને બદલે નવી રીતરસમો અપનાવી લૂંટ-ચોરી કરવામાં કિંમતી મુદ્દામાલ ટ્રકોમાંથી ઉઠાંતરી કરવામાં મોડર્સ ઓપરેન્ડી પ્રમાણે ચોરી કરવાનો બીજો બનાવ બનવા પામ્યો છે. મળતી માહિતી મુજબ ચિલોડા-નરોડા ને.હા.૮ વલાદ ગામની હોટલ ઓમ બન્ના પાછળના ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં પાર્ક કરેલ ટ્રકમાંથી તાડપત્રી કાપીને ઉત્તરપ્રદેશની એક કંપનીમાંથી પ્લાસ્ટીકના દાણા ભરેલી ૬૪૦ નંગ બોરીમાંથી ૬૦ બોરી તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે ટ્રાન્સપોર્ટના માલિકને સવારે જાણ થતાં આ બનાવ અંગે અરવિંદભાઈ યાદવે ડભોડા પોલીસ સ્ટેશનમાં ૧.૫૬ લાખના મુદ્દામાલની ચોરી અંગે ફરિયાદ આપતાં ગુનો નોંધી વધુ તપાસ પોલીસે આદરી હતી. જેમાં રણાસણ પાવરહાઉસ નજીક આગ્રા-અમદાવાદ ટ્રાન્સપોર્ટનું ગોડાઉન વલાદ પાસે આવેલું છે. હોટલ ઓમ બન્ના પાછળ આવેલ ગોડાઉનમાં ટ્રક નં. જીજે-૧૮એ.યુ.૮૩૮૮ નંબરની ટ્રક પાર્ક કરેલ હતી. આ ટ્રકમાં ઉત્તરપ્રદેશના પાટા ગામેથી ગેઈલ ઈન્ડીયા કંપનીના પ્લાસ્ટીકના દાણાની કુલ ૬૪૦ નંગ બોરી બરીને લાવવામાં આવ્યો હતો. ટ્રક પર ઢાંકેલી તાડપત્રી કાપીને તસ્કરોએ ૬૦ બોરી ચોરી ગયા હતા. આ અંગે ટ્રાન્સપોર્ટના માલિકે પોલીસને જાણ કરતા પી.એસ.આઈ. એસ.બી. વાઘેલા સ્થળ પર જઈ શકમંદોની પૂછપરછ કરી તપાસ હાથ ધરી હતી. જેમાં અરવિંદભાઈ યાદવના ફરિયાદના આધારે ૧.૫૬ લાખની કિંમતનો મુદ્દામાલની ચોરીનો ગુનો નોંધી ગોડાઉનમાં કામ કરતા મજૂરો તથા ટ્રકના ડ્રાઈવર અને કન્ડક્ટરની પૂછપરછ કરી હતી. આ ચોરી કરવામાં પ્લાસ્ટીકના દાણાની ૬૦ બોરી કોઈ વાહનમાં લઈ ગયા હોવાનું માલુમ પડે છે. આ વિસ્તારમાં દોઢ વર્ષ પહેલા એક ટ્રાન્સપોર્ટ કંપનીની પ્લાસ્ટીકના દાણા ભરેલી ટ્રકમાંથી ચોરી થઈ હતી. જે વધુ ચોરી અંગે શકમંદોની સંડોવણી હોવાનું આશંકા સેવાઈ રહી છે. જે દિશામાં પોલીસ તપાસમાં વધુ પુછપરછનો દોર ચલાવી રહી છે.